## જન્મદિને વધામણી



અંજલિ પંકજભાઈ પટેલ
સર્વ નેતૃત્વ ગૃપ



રીતુ જે પટેલ
મો. ૯૯૭૯૨ ૬૦૮૦૫

# આર એન પટેલ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ







શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે પૂ. દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ તરીકે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી વિશ્વામિત્ર દત્તા ઉપસ્થિત રહ્યા હતા. ૫૦ મીટર દોડ, ગોળા ફેંક, બોલ એન્ડ બકેટ, લીંબુ ચમચી, લાંબી કૂદ, ઊંચી કૂદ, ફુગ્ગા ફોડ, કોથળા દોડ, ઝડપી લૂંટ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં ધોરણ ૧ થી ૮ના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય દશરથભાઈ પટેલના હસ્તે ઈનામો અને પ્રમાણપત્રો આપી બિરદાવવામાં આવ્યા હતા. વિશેષ પ્રદર્શન કરનાર ખેલાડીઓ પૈકી વ્યાયામ વીર અને વીરબાળાની પસંદગી કરવામાં આવી હતી. વ્યાયામ વીર તરીકે ધોરણ-૮ સીના વિદ્યાર્થી વિશાલ નવઘણભાઈ ગોહિલ (દોડમાં પ્રથમ, ગોળાફેંકમાં તૃતિય), વીરબાળા તરીકે ધોરણ ૮ એનાં વિદ્યાર્થીની ખુશિયા સુભાષભાઈ ગામેતી (ગોળાફેંકમાં પ્રથમ, દોરડા કૂદમાં પ્રથમ, લાંબીકૂદમાં દ્વિતિય)નાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં.

## હવે ફેસબુક ફ્રેન્ડ્સને ‘મૂંગા’ કરી શકશે નવું ‘સ્નૂઝ’ બટન

ગાંધીનગર, તા. ૨૦

ફેસબુકે પોતાની સાઈટમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ સાથે કેટલાક નવા ફિચર્સ પણ જારી કર્યા છે. આ ક્રમને આગળ વધારતા કંપનીએ એક નવું ફિચર લોન્ચ કર્યું છે, જેનાથી યુઝર્સને તેમના ન્યૂઝ ફીડમાં કન્ટેન્ટ અંગે વધુ કંટ્રોલ મળશે. વાસ્તવમાં, ફેસબુકે પોતાની ન્યૂઝ ફીડમાં નવું ‘સ્નૂઝ’ ફિચર જારી કર્યું છે. રિપોર્ટસ અનુસાર, સ્નૂઝ ફિચર ફેસબુકના બે અબજથી વધુ યુઝર્સને કોઈ વ્યક્તિ, પેજ કે ગ્રૂપને હંગામી ધોરણે ૩૦ દિવસ માટે અનફોલો કરવાનો વિકલ્પ આપે છે. આ ફિચર યુઝર્સને પોતાના મિત્રો, પેજીસ કે ગ્રૂપ્સને અનફ્રેન્ડ, અનફોલો કે હંમેશા માટે બ્લોક કર્યા વિના થોડા સમય માટે બ્રેક આપી શકશે. ‘સ્નૂઝ સિલેક્ટ કર્યા પછી તમે થોડા સમય માટે એ મિત્ર, પેજ કે ગ્રૂપના ન્યૂઝ ફિડને જોઈ શકશો નહીં એવું ફેસબૂક દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

## એસ. જી. - એસ.વી. અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓએ ૧૪૪૪૬ ઘરોને વીજળી બચાવવા પ્રેરિત કર્યા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. - એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પોતાના પરિચિત તેમજ આસપાસનાં ઘરોમાં વીજળી બચાવવાનો સંદેશ ફેલાવ્યો હતો. આ પ્રયત્ન થકી કુલ ૧૪૪૪૬ ઘરોના લોકોએ એક કલાક વીજળી વપરાશ બંધ કર્યો હતો, જેના કારણે કુલ ૪૩૩૩.૮ યુનિટની બચત થઈ શકી હતી. આ ઉપરાંત શાળામાં એક દિવસ એક કલાક માટે વીજળીક ઉપકરણો સંપૂર્ણ બંધ રાખી વીજળીની બચત કરવામાં આવી હતી . બાળકોએ અને વાલીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી સાથ આપ્યો હતો.

## સ્મિત મ્યુઝિક દ્વારા રવિવારે ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

સ્મિત મ્યુઝીક, ગાંધીનગર દ્વારા પોતાની સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં એક નવો મણકો ઉમેરવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત ગાંધીનગર અંધશાળા પ્રોત્સાહિત હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં જ્યોતિ-ભરત ગજ્જર દ્વારા જણાવવામાં આવ્યું છે કે ‘ગાને જાને અનજાને’ શિર્ષક અંતર્ગત જૂનાં-નવાં હિન્દી ફિલ્મી ગીતોનો આ કાર્યક્રમ તા. ૨૪ ડિસેમ્બર ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે. ગાંધીનગરના કલાકારો તથા સ્વ સંચાલિત સ્થાનિકસંસ્થાને પ્રોત્સાહિત કરવા આમંત્રણને સ્વીકરી ગાંધીનગરની અગ્રણી સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ આ કાર્યક્રમમાં પધારશે, એમ તેમણે જણાવ્યું છે.

## ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ઈન્ફોસિટી સ્કૂલમાં અભ્યાસ કરતા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૧૦ના વિદ્યાર્થીઓએ સુરેન્દ્રનગરના પાટડી ખાતે કાર્યરત વર્ણિન્દ્રધામની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને નીલકંઠ સ્વામીનારાયણ મંદિર વિશે રસપ્રદ માહિતી તેમજ વિવિધ શૈક્ષણિક ધાર્મિક પ્રદર્શન ઉપરાંત વિજ્ઞાન મેળો પણ દર્શાવવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ટેકનોલોજી દ્વારા ક્ષ-કિરણો વડે પ્રસાર થતી રેખાઓ દ્વાર પ્રદર્શિત ફિલ્મ બતાવવામાં આવી હતી. આ મુલાકાત સાથે વિદ્યાર્થીઓએ મનોરંજન હેતુ અષ્ટકોણ ઝુલાનો પણ આનંદ માણ્યો હતો.

આ શૈક્ષણિક મુલાકાતનું આયોજન ગુજરાતી માધ્યમનાં પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

આ માટે મેનેજિંગ ટ્રસ્ટી દલસણીયાસર અને પ્રમુખ વૈષ્ણવસરે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## કમરના દુઃખાવામાં રાહત માટે SGVP ખાતે ૩૦મી સુધી ‘કટિબસ્તિ’ શિબિર

ગાંધીનગર, તા. ૨૦

કમરના દુઃખાવા સહિત અનેક દર્દોમાં રાહત અપાવતી ‘કટિબસ્તિ’ આયુર્વેદિક થેરાપી કેમ્પનું શ્રીજોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ ખાતે તા.૩૦મી ડિસેમ્બર સુધી સવારે ૯.૦૦થી ૧૨.૦૦ અને બપોરે ૩.૦૦થી સાંજે ૫.૦૦ દરમિયાન વિનામૂલ્યે યોજાઈ રહી છે.

શ્રીજોગી સ્વામી એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલ ખાતે પૂ.માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી આ નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપચાર પ્રક્રિયાથી રાંઝણના દુઃખાવામાં તો રાહત મળે છે, તેની સાથે ઉંમરના કારણે થતો કમરની ગાદીનો ઘસારો, કમરનો દુઃખાવો, મણકાની ગાદી ખસી જવી જેવા દર્દમાં પણ રાહત મળે છે.

## ઉત્સવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચેરિટીના હેતુસર નાટ્ય શો

### હરિન ઠાકર લિખિત-દિગ્દર્શિત ત્રણ એકાંકી નાટકો એક જ ટિકિટમાં માણવા મળશે : ૨૪મીએ એચ કે હૉલ ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ઉત્સવ ચેરિટેબલ ટ્રસ્ટના બેનર તળે ગુજરાતી રંગભૂમિ-ફિલ્મ્સ-સિરિયલ્સના સફળ અને ખ્યાતનામ લેખક-નિર્માતા-નિર્દેશક હરિન ઠાકર દ્વારા ચેરિટી અર્થે ત્રણ નાટકોના એક વિશેષ શોનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

હરિન ઠાકર અને સપના ઠાકર એટલે ગુજરાતી રંગભૂમિનાં એવાં બે સન્માનનીય નામો જેમણે ન માત્ર પોતાના રંગકર્મથી પરંતુ પોતાનાં અનેકવિધ સમાજસેવાનાં કામોથી પણ સમાજની ન ભૂલી શકાય એવી સેવા કરી છે. ઉત્સવ ચેરીટેબલ ટ્રસ્ટના બેનર તળે આ સમાજસંવેદી દંપતિ ન માત્ર યાદગાર નાટકો આપી રહ્યાં છે, પરંતુ છેલ્લાં ૨૨ વર્ષથી સમાજસેવાની પાવન જ્યોતનેય પ્રજ્વલિત રાખી રહ્યાં છે. વૃધ્ધાશ્રમ હોય કે અનાથાશ્રમ, ભૂખ્યાંને ભોજન કરાવવાનું હોય કે જરૂરિયાતમંદને વસ્ત્રો આપવાનાં હોય, આવાં કામો માટે આ દંપતિ હંમેશાં પોતાનો સહાયનો હાથ ફેલાવીને ઊભું જ હોય. સમાજ પ્રત્યેની સંવેદના અને જરૂરિયાતમંદ પ્રત્યે સહાયની આ સરવાણી તેમણે છેલ્લાં ૨૨ વર્ષથી સતત પ્રજ્વલિત રાખી છે.

આવાં જ સેવાકાર્યો અર્થે ભંડોળ એકઠું કરવાના હેતુસર તેમણે અમદાવાદ ખાતે ૩ એકાંકી નાટકોના એક શોનું આયોજન કર્યું છે.

આગામી તા. ૨૪ ડિસેમ્બર ને રવિવારના રોજ રાત્રે ૯.૧૫ કલાકથી આ નાટકો એચ કે હૉલ, આશ્રમ રોડ ખાતે ભજવાશે. સ્વયં હરિન ઠાકર લિખિત-દિગ્દર્શિત અને અમદાવાદ, ગાંધીનગરના કલાકારો દ્વારા અભિનિત આ ત્રણેય નાટકો એક જ ટિકિટ ખરીદીને નાટ્યરસિકો માણી શકશે. શ્યામ તારૂં સપનું લીલુંછમ’, શૂટીંગ શૂટીંગ અને નરાધમ એવાં ત્રણ શ્રેષ્ઠ નાટકો એકસાથે માણવાં એ પ્રેક્ષકો માટે ખરે જ લ્હાવો થઈ પડશે અને સાથે-સાથે સમાજકાર્યના યજ્ઞમાં પોતાની આહૂતિ આપ્યાનો સંતોષ પણ તેઓ લઈ શકશે. સૌ નાટ્યપ્રેમી અને સમાજપ્રેમી ભાવકો મનોરંજન સાથે સમાજસેવા માટેના આ ડબલ બોનાન્ઝાનો લાભ લેવા સત્વરે ઉત્સવ ચેરીટેબલ ટ્રસ્ટ (મો. ૯૮૨૫૫ ૪૭૦૪૭)નો સંપર્ક સાધી શકે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૩**
સ્ટારવૉર્સ (૩ડી, અંગ્રેજી)
૨.૦૦, ૯.૪૫
સ્ટારવૉર્સ (૩ડી, હિન્દી)
૪.૪૫
ફર્દીનેન્ડ (૩ડી, અંગ્રેજી)
૭.૩૦

**સ્ક્રીન-૪**
લવની ભવાઈ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
ફુકરે રિટર્ન્સ
૧૦.,, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

## ગજાનન સેવા સમિતિ દ્વારા અન્ન-વસ્ત્ર સેવા






### જાભચિતરીયામાં પાંચ ગામોનાં ૧૨૧ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ : અણસોલ પાસે બે ગામોના ૧૭ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા ઉપરાંત આયર્નની ગોળી, બિસ્કીટ અને સ્વેટર આપવામાં આવ્યાં

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી પાસે જાભચિતરીયામાં પાંચ ગામોનાં ૧૨૧ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અણસોલ પાસે બે ગામોના ૧૭ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા ઉપરાંત આયર્નની ગોળી, બિસ્કીટ અને સ્વેટર આપવામાં આવ્યાં હતાં. સંસ્થા વતી આ સેવાયજ્ઞમાં ઊર્મિલાબેન, શ્રુતિબેન, મિલિન્દભાઈ તથા યોગેશભાઈ જોડાયા હતા.

## ‘શિવરંજની’ આયોજિત કાર્યક્રમમાં જૂની રંગભૂમિનાં ગીતો અને નાટક ‘આનંદ તરંગ’થી ભરપૂર આનંદ




‘મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા, જોતી’તી વાલમની વાટ રે... અલબેલા કાજે ઉજાગરા...’ એવું રોમેન્ટિક ગીત હોય કે પછી ‘ઝટ જાઓ, ચંદનહાર લાવો, ઘૂંઘટ નહીં ખોલું રે...’ એ પતિ-પત્નીના પ્રથમ રાત્રિના મીઠા ઝઘડાનું અનોખું ગીત હોય અથવા તો ‘એક સરખા દિવસ સુખમાં કોઈના જતા નથી...’ જેવું જીવનની ફિલસૂફી રજુ કરતું ગંભીર ગીત હોય....

આવાં બધાં સાંભળવાં ગમે અને સાંભળતાં જ ડોલી ઊઠાય, ક્યારેક હસી પડાય એવાં ગીતો એટલે જ જૂની રંગભૂમિ-નાટકોનાં મજ્જેદાર ગીતો... ગાંધીનગરમાં ગીત-સંગીતનાં વિવિધ સ્વરૂપોને આવરી લેતા અનેક વિધ કાર્યક્રમો યોજવામાં માહેર, નગરની ૪૫ વર્ષ જૂની, માત્ર સંગીતના જ કાર્યક્રમો આપતી સંસ્થા શિવરંજનીએ તાજેતરમાં ગાંધીનગર ટાઉનહૉલ ખાતે નોખો-અનોખો કહી શકાય એવો જૂની રંગભૂમિનાં ગીતોનો કાર્યક્રમ રજૂ કરી સૌને જલસો કરાવી દીધો...

જૂની રંગભૂમિનં લોકપ્રિય ગીતોનું ગાન હોય અને આજની રંગભૂમિના અવ્વલ દરજ્જાના સમર્થ કલાકાર ભાઈ અર્ચન ત્રિવેદી અને એમના વૃંદ દ્વારા એની પ્રસ્તુતિ થઈ રહી હોય પછી તો પૂછવું જ શું ? અર્ચન ત્રિવેદી, હેતલ મોદી, જીગર શાહે એક જમાનામાં રંગભૂમિ ઉપર વન્સ મોર મેળવનારાં ગીતોનો પટારો ખુલ્લો મૂકી દઈ સાચ્ચે જ મજા-મજા કરાવી દીધી હતી...

બંધ પડદે તબલાંની થાપ સાથે હાર્મોનિયમના જોરદાર સૂર રેલાયા... અસ્સલ જૂની રંગભૂમિનું નાટક જોવા બેઠા હોઈએ અને એમાં વાજાપેટી માસ્તર ને તબલચી વગાડતા હોય પછી કર્ટન ઉપડતાં જ કલાકાર અર્ચનજીએ ‘તા થઈ.. તા થઈ...’ના ઠેકા સાથે દુંદાળા દેવ ગણપતિ, નટરાજ, મા અંબા, મા બહુચર, મા સરસ્વતીની વંદના કરતી સ્તુતિ ગાઈ ત્યાં તો કોઈ જૂની નાટક કંપનીનું નાટક શરૂ થતું હોય એવું જોરદાર વાતાવરણ ખડું થઈ ગયું.

તરત જ બહેન હેતલ મોદીએ પોતાના સુંદર કંઠે ૧૯૩૮માં ધૂમ મચાવી ગયેલા નાટક ‘વડીલોના વાંકે’માં એ જમાનાની ખ્યાતનામ ગાયિકા-અભિનેત્રી મોતીબાઈના કંઠે ગવાયેલું ગીત ‘મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા...’ ગાઈને એવી જમાવટ કરી દીધી કે જેમણે જૂની રંગભૂમિનાં નાટકોમાં આ ગીતો સાંભળ્યાં હતાં એવા વયસ્ક શ્રોતાઓ જૂની યાદોની ગલીઓમાં ઘૂમવા લાગ્યા ને અન્ય સંગીતરસિયાઓ ગીતના શબ્દો ને તર્જની મજા માણવા લાગ્યા.... એમાંય જ્યારે અર્ચન ત્રિવેદીએ પ્રસિદ્ધ અભિનેત્રી મોતીબાઈને એ જમાનામાં રૂા. ૧૨૦૦ પુરસ્કાર મળ્યો હતો ને એમને ઘરેથી થિયેટર સુધી બગીમાં લવાતાં હતાં એવી રસપ્રદ માહિતી આપી ત્યારે સૌ વાહ બોલી ઊઠ્યા.

ત્યારપછી એમના જેવા જ સૂરીલા ગાયક જીગર શાહે સ્ત્રી સ્વરમાં ‘અરૂણોદય’ નાટકમાં એ વેળાના સમર્થ નાટ્યલેખક અને ગીતકાર કવિ પ્રભુલાલ દ્વિવેદીએ લખેલા ગીત ‘તમે જોજો ના વાયદા વિતાવજો, પિયુ પહેલી પેસેન્જરમાં આવજો...’ ગાયું ને તરત બે કડીઓ પુરુષ સ્વરૂમાં ગાઈ ત્યારે હોલમાં ‘વન્સમોર’ની બૂમો ઊઠી ગઈ.

એ પછી નાટક ‘વલ્લભપતિ’નું ગીત ‘ઝટ જાઓ, ચંદનહાર લાવો...’, વીરપસલી નાટકનું ગીત ‘પ્રેમીને પ્રેમી કોઈ પૂછે કે નયનોમાં શું છે ?’ પછી ‘તમે જો જો ઓ છોરી ને છોરા’ પ્રસ્તુત થયું ને પ્રેક્ષકો પણ મૂડમાં આવી ગયા.

એ પછી માલવપતિ મુંજ નાટકનું ગીત ‘એકસરખા દિવસ સુખના કોઈના જતા નથી...’, ‘હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે...’, ‘ભારી બેડાં ને હું તો નાજુકડી નાર...’ એવાં ચારેક રસીલાં ગીતોની મેડલી - ‘ગુચ્છો’ રજૂ કરી કલાકારોએ પ્રેક્ષકોને ખુશ કરી દીધા...

કલાકારોએ જેમ ગીતગાનમાં જમાવટ કરી તેમ હાર્મોનિયમ ઉપર કંદર્પભાઈ ત્રિવેદી, તબલાં ઉપર દીપમ ભચેચે સુંદર સંગત પૂરી પાડી.

અર્ચન ત્રિવેદી, હેતલ મોદી, જીગર શાહ સાથે જિગિષા ત્રિવેદી, નૂપુર અને નિધિએ ગીતોની મજા કરાવી દીધી.

એ પછી આ જ કાર્યક્રમમાં શિવરંજી દ્વારા પોતાના ઈતિહાસમાં પ્રથમ વખત નાટકનું આયોજન કરવામાં આવ્યું. આપણા સમર્થ - પ્રથમ કોટિના હાસ્યલેખક સ્વ. જ્યોતીન્દ્રભાઈ દવેના હાસ્ય નિબંધોમાંથી, આપણા એવાજ બીજા સમર્થ હાસ્યસર્જક સ્વ. બકુલ ત્રિપાઠીએ ચૂંટી કાઢીને જેને નાટ્યદેહ આપ્યો હતો તેવા પ્રસંગો-હાસ્ય નિબંધારિત નાટક ‘આનંદ તરંગ’ અર્ચન ત્રિવેદી અને ટીમે ભજવ્યું ત્યારે પ્રેક્ષકો હસીહસીને લોટપોટ થઈ ગયા હતા.

અર્ચન ત્રિવેદી, નવીન રાવલ, જિજ્ઞેશ, જિગિષા ત્રિવેદી, હેતલ મોદી અને ચેતન દૈયાએ આ નાટકમાં અફલાતૂન અભિનય પ્રસ્તુત કરીને પ્રેક્ષકોને ખરે જ આનંદના તરંગોમાં રસતરબોળ કરી દીધા હતા.

આવી અનોખી જુગલબંધી માટે શિવરંજનીને, વિશેષ આવા જોખમકારી કાર્યક્રમની હિંમત માટે પ્રમુખ વાગ્મિનભાઈ બુચ અને તેમની ટીમને દિલથી અભિનંદન...

જો કે બાર વાગ્યે કાર્યક્રમ પૂરો કરવાનો છે એવી વાતથી કલાકારો સમયબંધનમાં જકડાયા ને જૂની રંગભૂમિનાં ગીતોનો ખજાનો પૂરેપૂરો ખુલ્યો નહીં તે અફસોસ રહી ગયો... તો એન્કર અને ગાયકની બેવડી ભૂમિકા ભજવતા અર્જનચી ક્યારેક અટવાઈ પડતાંય જોવા મળ્યા...

તેમ છતાં સુંદર પ્રસ્તુતિબદલ સૌને અભિનંદન ખરા જ ખરા...